# કૃષિ મહોત્સવ–૨૦૧૩
# અમરેલી જીલ્લાનો સંક્ષીપ્ત અહેવાલ

ખેતીવાડી શાખા
જીલ્લા પંચાયત
અમરેલી

# કૃષિ મહોત્સવ–૨૦૧૩
# જીલ્લો અમરેલી

રાજયમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ્ય કક્ષાએ આધુનીક ઓજારો , કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વિજળી સંચયના કાર્યક્રમો ખેડુતો સુધી પહોચે તેવો રાજય સરકારનો અીભગમ રહયો છે. જેમાં કૃષિ લક્ષી અને ગ્રામવિકાસના કાર્યક્રમોનુ આયોજન કરી કૃષિ સહાય વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનીક કક્ષાએ ઉપલબધ કરાવવામાં આવે છે. કૃષિ મહોત્સવ એ ખેતી વિસ્તરણ અને ખેડુતોને નજીક લાવવાનો કાર્યક્રમ છે. આ નવમો કૃષિ મહોત્સવ ૨૦૧૩ તારીખઃ– ૧૪/૦૫/૨૦૧૩થી પ્રારંભ થયેલ અને તે વધુ લોકભોગ્ય બને , વધુ ખેડુતો, યુવાનો, અને મહીલાઓ વધુ ભાગ લે તેવુ તાલુકા કક્ષાએ આયોજન અને અમલીકરણ કરવામાં આવેલ હતું.



## <u>કૃષિ મહોત્સવ ૨૦૧૩ શુભારંભ કાર્યક્રમ</u>

અમરેલી જીલ્લામાં જીલ્લા કક્ષાનો કૃષિ મહોત્સવ શુભારંભ માન. સહ પ્રભારી મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલના અઘ્યક્ષ સ્થાને તારીખઃ–૧૪/૦૫/૨૦૧૩ના રોજ ધારી તાલુકાના ધારી , ખેત ઉત્પન બજાર સમિતિ ખાતે થી કરવામાં આવેલ જેમાં અંદાજે <u>૧૫૩૭</u> ખેડુતો/નાગરીકો તથા <u>૭૨૦</u> મહીલાઓએ ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ હતો. તેમજ આત્મા મારફત કૃષિ મેળાનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યાંત્રીકરણ, બીયારણ, ખાતર,દવા, વિગેરે વિક્રેતાઓના અને લાઈન ડીપાર્ટમેન્ટના <u>૩૫</u> સ્ટોલ ગોઠવવામાં આવેલ.

# કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન થયેલ કામગીરીની સંક્ષીપ્ત વિગત

અમરેલી જીલ્લાના ૧૧ તાલુકાના ૧૮૧ કલસ્ટરમાં ૧૧ રથ ફરી સવારના ૮–૦૦ કલાક થી બપોરના ૧૩–૩૦ કલાક સુધી કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ સમય દરમ્યાન પશુ આરોગ્ય કેમ્પ, નિદાન સારવાર કેમ્પ, અને વિવિધ કૃષિ વિષયક કાર્યક્રમો કરવામાં આવ્યા. આ અંગે ગામોમાં ભીત સુત્રો દવારા, પંચાયતના નોટીસ બોર્ડ દવારા, તેમજ અમરેલી જીલ્લાના ઈ–ગ્રામ પ્રસારમાં જાહેરાત આપવામાં આવેલ હતી.

## ખેતીવાડી

કૃષિ મહોત્સવ__૨૦૧૩ દરમ્યાન ગ્રામ સભાના__ઠરાવથી પસંદ થયેલ બી.પી.એલ.,સિમાંત,નાના,અન્ય ખેડુતો,અનુ.જાતીના ખેડુતોને ૪૪૪૧ કૃષિ કીટસ વિતરણ કરવામાં આવ્યા. જે અંદાજે ૧૨૪.૩૪ લાખના થાય છે. કૃષિ વિષયક સાહીત્ય, પોષ્ટર,પુસ્તીકા ૮૬૦૦૦, સોઈલ હેલ્થ કાર્ડ–૧૦૩૭૭ વિતરણ કરવામાં આવ્યા અને કૃષિ વૈજ્ઞાનીકો દવારા કૃષિ વિષયક આધુનીક ખેતી પધ્ધતીનુ ૯૪૭૪૯ ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ ૪૪૦૮ ખેડુતોને વ્યકિતગત માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમજ ૨૨ પ્રગતીશીલ ખેડુતોના હોર્ડિંગનુ ડીસપ્લે તથા કુલ ૨૧ મહીલા ખુડુતોને સન્માનવામાં આવેલ છે. તેમજ કુલ ૧૯૩ પ્રગતીશીલ ખેડુતોએ તેમના ખેતી અંગેના અનુભવો અંગેનુ પ્રવચન કરવામાં આવેલ છે. કૃષિ વિષયક યાંત્રીક ઓજારો/સાધનોના ૧૯૫ નિદર્શનો ગોઠવવામાં આવેલ છે. કૃષિ મહોત્સવ ૨૦૧૩ અન્વયે કુલ ૬૧૪ સ્વચ્છતા અીભયાન તેમજ કુલ ૬૧૩ ગ્રામ સુશોભન કરવામાં આવેલ છે. કુલ ૧૦૪૦૩ કૃષિ વિષયક ભીત સુત્રો લખવામાં આવેલ છે. તેમજ કુલ ૧૬ ગામોમાં ખેતીવાડી ખાતાની શિબિર,ખેત ઉત્પન બજાર સમિતિની કુલ ૮ , આત્માની કુલ ૨૯ જમીન વિકાસ નિગમ લી. ની કુલ ૧૫ શિબિર કરવામાં આવેલ છે. તેમજ ખેતીવાડી શાખા જીલ્લા પંચાયત અમરેલી દવારા કુલ રકમ રૂા. ૬૧૭.૭૦ લાખના કુલ ૧૩૬૧ ટ્રેકટરના ચેકનુ વિતરણ ખેડુત લાભાર્થિઓને કરવામાં આવેલ. તેમજ કુલ ૫૪૦ ટ્રેકટર ખરીદીની પ્રાથમીક મંજુરી આપવામાં આવેલ

## બાગાયત

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન જીલ્લામાં તાલુકાવાર નાયબ બાગાયત નિયામકની કચેરી અમરેલી દવારા કુલ ૧૧ ખેડુત કૌશલ્ય શિબીર કરેલ છે. તેમજ તાલુકાવાર કુલ ૧૧ મહીલા કેનીંગ તાલીમ કલાસ કરેલ છે. તેમજ કૃષિ મહોત્સવ ૨૦૧૩ અંતર્ગત ડ્રીપ ઈરીગેશન માટેના પાણી સંગ્રહના ટાંકા બનાવવા માટેની કુલ ૦૬ પ્રાથમીક મંજુરીઓ આપેલ છે. તેમજ મીની ટ્રેકટર ખરીદવા માટેની કુલ ૦૩ પ્રાથમીક મંજુરીઓ આપેલ છે. તેમજ બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ અંગેની કુલ ૫૦ ખેડુત તાલીમો કરેલ છે. તેમજ દરેક તાલુકામાં ખેડુતો માટે હાઈટેક હોર્ટિકલ્ચર નિદર્શન પ્લોટ ગોઠવવામાં આવેલ છે. તેમજ બાગાયત ખાતાની વિવિધલક્ષી યોજનાની ૨૫ અરજીઓ મેળવવામાં આવેલ છે.

## પશુપાલન



કૃષિ મહોત્સવ દરમ્યાન ગ્રામસભાના ઠરાવથી પસંદ થયેલબી.પી.એલ.,સિમાંત,નાના,અન્ય ખેડુતો,અનુ.જાતીના પશુ પાલક ખેડુતોને ૩૧૦૦ કીટસ વિતરણ કરવામાં આવેલ છે. જે અંદાજે ૧૫.૫૦ લાખના થાય છે. જીલ્લામાં કુલ ૧૮૧ પૈકી ૧૦૨ કેમ્પ થયેલ છે. જેમાં કુલ ૨૮૯ ગામોને આવરી લેવામાં આવેલ છે. ગાય વર્ગના કુલ ૭૪૬૬, ભેંસ વર્ગના કુલ ૫૭૭૯ તથા અન્ય વર્ગના કુલ ૪૯૮૬૨ મળી કુલ ૬૩૧૦૭ પશુઓને સારવાર આપવામાં આવેલ છે. તેમજપશુ સારવાર કેમ્પમાં સ્ત્રી લાભાર્થિઓ કુલ ૧૭૮ તથા પુરૂષ લાભાર્થિઓ ૬૪૩૮ લાભ લીધેલ છે. પશુ સારવાર કેમપની મુલાકાતે ૬૩૮ સ્ત્રી લાભાર્થિઓ તથા ૮૮૩૬ પુરૂષ લાભાર્થિઓએ મુલાકાત લીધેલ છે.કુલ ૧૮૦૦ કૃત્રીમ બીજદાનના લક્ષ્યાંક સામે ૮૭૪ કૃત્રીમ બીજદાન થયેલ છે. તેમજ પશુ આરોગ્ય મેળા દરમ્યાન ૪૭૩૩૪ ઘેટા બકરાઓને કૃમિ નાશક દવાઓ પીવડાવવામાં આવેલ છે.

## મત્સ્ય ઉદ્યોગ

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામકની કચેરી જાફરાબાદ દવારા ગામઃ–થોરડી તાલુકોઃ–રાજુલા ખાતે ૩૦ અનુસુચિત જાતીના લાભાર્થિઓને મત્સ્ય ઉદ્યોગને લગતી ૧૦ દિવસની તાલીમ આપવામાં આવેલ છે.જે તાલીમમાં એક લાભાર્થિ દિઠ રૂા. ૧૨૫/– લેખે સ્ટાઈપેન્ડ મળી કુલ રૂા. ૩૭૫૦૦/– ચુકવવામાં આવેલ છે. તેમજ જાફરાબાદ તાલુકાના માછીમારોના ૧૯૩ સહાય કેઈસ મંજુર કરવામાં આવેલ છે જેમાં એક કેઈસ દિઠ રૂા. ૨૦,૦૦૦/– મળી કુલ રૂા. ૩૮,૬૦,૦૦૦ સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ જાફરાબાદ તાલુકાના દરીયાકાઠે વસતા માછીમારો (પગડીયા)ને ૧ યુનીટ કીટસ સહાયમાં લાભાર્થિનો લોકફાળો રૂા. ૮૦૦/– તેમજ સહાય રૂા. ૭૨૦૦/– મળી કુલ રૂા. ૮૦૦૦/– એક યુનીટ એમ કુલ ૩૮ યુનીટના રૂા. ૨,૭૭,૬૦૦/– સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ નવા બંદર ગામ ખાતે મત્સ્ય ઉદ્યોગને લગતી કાર્ય શિબીર તારીખઃ–૨૩/૫/૨૦૧૩ના રોજ ગોઠવવામાં આવેલ હતી જેમાં ૨૫૦ લાભાર્થિઓએ લાભ લીધેલ હતો.

વિવિધ સહકારી સંસ્થાઓ અને એગ્રી ઈનપુટસના ઉત્પાદકોએ કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન ખરીદી કરનાર ખેડુત ખાતેદારો માટે ડીસ્કાઉન્ટ તેમજ ફ્રી ગીફટની જાહેરાત કરવામાં આવેલ હતી.

## તાલુકા થીમ

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન નીચેની વિગતેના તાલુકાની થીમ મુજબ વૈજ્ઞાનીકશ્રીઓ,તજજ્ઞશ્રીઓ દવારા ખેડુતોને ખેત ઉત્પાદન વધારવા માટેના ચાવીરૂપ મુદાઓની વિગતે ચર્ચા કરવામાં આવી

| | |
|---|---|
| અમરેલી | –કપાસનુ ઉત્પાદન ૧૦% વધારવુ તેમજ ખર્ચ ૧૦% ઘટાડવો |
| લીલીયા,લાઠી | –ખારાપાટ વિસ્તારમાં ઉત્પાદન વધારવું |
| બાબરા,કુંકાવાવ,બગસરા | –મગફળીનુ ઉત્પાદન વધારી ગુણવતા સુધારવી |
| ખાંભા,રાજુલા | |
| ધારી,સાવરકુંડલા | –બાગાયતી પાકોનો વ્યાપ વધારવો |
| જાફરાબાદ | –મત્સ્ય ઉદ્યોગની આવક વધારવી |

જીલ્લામાં નીચે મુજબના પ્રગતિશીલ ખેડુતોએ પોતાની ખેતી પધ્ધતીમાં મેળવેલ સિધ્ધીની વિગતે પ્રવચન આપેલ તેઓ સર્વેને નવાજવામાં આવ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમરેલી | –૧૮ | લીલીયા | –૧૭ | લાઠી | –૧૮ |
| બાબરા | –૧૮ | કુંકાવાવ | –૧૭ | બગસરા | –૧૭ |
| ધારી | –૧૮ | ખાંભા | –૧૭ | રાજુલા | –૧૮ |
| જાફરાબાદ | –૧૭ | સાવરકુંડલા | –૧૮ | | |

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન આત્મા અમરેલી દવારા ૩૧ નવા એફ.આઈ.જી. ગ્રુપ તથા ૦૨ એફ.આઈ.જી. ગ્રુપને રીન્યુ કરવામાં આવેલ.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન જી.જી.આર.સી. દવારા કુલ ૩૧૯ (૫૨૭.૦૮ હેક.) અરજીઓનું ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જેમાંથી ૩૧૩ (૫૨૨.૪૭ હેક.) અરજીઓનો વર્કઓર્ડર તથા ૨૫૨ (૪૦૨.૭૯ હેક.) અરજીઓના નીકાલની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમ્યાન સંકલીત બાળ વિકાસ યોજના હેઠળ કલસ્ટરના દરેક ગામે રસોઈ શો કરવામાં આવેલ છે. તથા સેલ્ફ હેલ્પ ગ્રુપ કુલ ૫૪ તથા સખી મંડળ કુલ ૨૦૨ બનાવવામાં આવેલ છે.



જમીન વિકાસ નિગમ તથા જીલ્લા જળ સ્ત્રાવ વિકાસ એકમ દવારા ગામ તળાવ કુલ ૪૧, સીમ તળાવ કુલ ૦૮, ચેક ડેમ કુલ ૩૨ ખેત તલાવડી કુલ ૦૮ કરવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ અંતર્ગત કિસાન ક્રેડીટ કાર્ડ કુલ ૪૦ નુ વિતરણ કરવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ અન્વયે મહેસુલ ખાતા દવારા શરતફેર યોજનામાં કુલ ૧૫ લાભાર્થિઓ તથા એંન્ટ્રી સર્ટિફીકેશનમાં કુલ ૬૦ લાભાર્થિઓને લાભ આપવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ અન્વયે વન વિભાગ દવારા કુલ ૬૭૫ રોપાઓનુ વિતરણ કરવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ અન્વયે પી.જી.વી.સી.એલ. દવારા કુલ ૫૫ ખેડુતોને નવા વિજ જોડાણનો લાભ આપવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૩ અન્વયે પંચાયત વિભાગ દવારા ઈ ગ્રામ ૮૮, તીર્થગ્રામ ૦૧, તથા પંચવટી યોજનામાં ૦૨ ગામ અને ગોબર બેંક યોજનામાં ૦૨ ગામને આવરી લેવામાં આવેલ છે.

## કૃષિ મહોત્સવ ૨૦૧૩ સમાપન કાર્યક્રમ




અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના કમીગઢ ગામે તારીખઃ–૩૧/૦૫/૨૦૧૩ના રોજ કૃષિ મહોત્સવ ૨૦૧૩નો સમાપન કાર્યક્રમ રાખવામાં આવેલ તેમાં માન.કલેકટરશ્રી અમરેલી, માન. જીલ્લા વિકાસ અધિકારીરી અમરેલી, શ્રી જીલ્લા ખેતીવાડી અધિકારી અમરેલી, તથા મદદનીશ ખેતી નિયામકશ્રી પેટાવિભાગ–અમરેલીની હાજરીમાં યોજાયેલ જેમાં ૧૦૧૬ લોકોએ હાજરી આપેલ.